RESEARCH REVIEW JOURNALS
Volume-05
Issue-12
December-2020

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [Peer Reviewed Journal]
DOI: https://doi.org/10.31305/rrijm.2020.v05.i12.021

# ગાંધી અને સર્વોદય ગ્રંથો

ભરતકુમાર વિરસંગભાઈ ચૌધરી
પીએચ.ડી. સ્કોલર, ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનીવર્સીટી, વલ્લભવિદ્યાનગર

**પ્રસ્તાવના :-**

સંશોધન ક્ષેત્રે સંશોધકે કોઈપણ વિષય પરત્વે અભ્યાસ કરવા માટે કે  સંશોધનની યોગ્ય રજૂઆત કરવા માટે નિશ્ચિત ધોરણો તેમજ તેને લગતી ચોક્કસ પધ્ધતિને ખ્યાલમાં રાખીને અધ્યયન કરવાનું હોય છે. એમાંય ઇતિહાસના વિષય પર સંશોધન કરવા માટે તેની વિસ્તૃત રૂપરેખા તૈયાર કરવી જોઈએ ત્યારબાદ વિષયને લગતા મુખ્ય મુદ્દાઓની નોંધ તૈયાર કરવી, તે પછી  સંશોધકે પોતાના વિષયને અનુરૂપ સાધનો, દસ્તાવેજો વગેરેની વિગતવાર સૂચી બનાવવી જોઈએ. ત્યારબાદ માહિતીનું પૃથક્કરણ કરીને એમાંથી પોતાના વિષયને સંબંધિત માહિતી પસંદ કરીને તેનું યોગ્ય સંકલન કરવું જોઈએ. જેમાં સાહિત્યિક સામગ્રીનો પણ સમાવેશ થાય છે. સંશોધકે પોતાના વિષય પર અભ્યાસ કરતાં પહેલાં એના વિશે શું લખાયું છે ? તેની પણ માહિતી મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ અને તે વિશે ઉંડી તપાસ કે સમીક્ષા કરવી અનિવાર્ય બને છે.

આમ, પોતાના સંશોધન વિષય સંબંધિત તેમજ અભ્યાસકાર્યના ભાગરૂપે સાહિત્યની સમીક્ષા કરવી જેમાં તેનું મૂલ્યાંકન અને સંયોગીકરણ તથા પ્રસ્તુત સંશોધન માટે મળેલ સાહિત્યની સમીક્ષા અહીં રજૂ કરેલ છે. જે સંશોધનોમાં ક્યાં? અને કેવા ? મુદ્દાઓ પર પ્રકાશ પાડવામાં મદદરૂપ બનશે તેની ઊંડી તપાસ તેમજ અભ્યાસ કરીને જરૂરી વિગતોનો સમાવેશ કરવામાં આવેલો છે.

**ગ્રંથો :-**

(૧) ગ્રંથ :- સત્યના પ્રયોગો અથવા આત્મકથા

લેખક :- મો.ક.ગાંધી

પ્રકાશક :- નવજીવન પ્રકાશન મંદિર, ડિસેમ્બર, ૨૦૧૪

પ્રસ્તુત ગ્રંથ એ ગાંધીજીની આત્મકથા છે. તેમાંથી ગાંધીજીના જીવન અને કવન સાથે વણાયેલી પ્રથમ કક્ષાની માહિતી મળે છે. દક્ષિણ આફ્રિકામાં જ્હોનિસબર્ગથી નાતાલ જતી વખતે તેમના મિત્ર મિ.પોલાક તેમને જ્હોન રસ્કિનનું ‘અનટુ ધિસ લાસ્ટ’ પુસ્તક વાંચવા આપે છે. આ પુસ્તકની એટલી જાદુઈ અસર ગાંધીજી પર થાય છે કે તેના આધારે તેઓ ‘સર્વોદય’ શબ્દની ભેટ આપે છે. આમ, ‘સર્વોદય’ ના ઉદ્ભવ સંબંધિત માહિતી માટે આ ગ્રંથ ઉપયોગી છે.

(૨) ગ્રંથ :- જહોન રસ્કિન - અનટુ ધિસ લાસ્ટ

લેખક :- ચિતરંજન વોરા

પ્રકાશક :- વિચારધારા પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ઓગસ્ટ, ૧૯૯૫

આ ગ્રંથ મૂળ જહોન રસ્કિન દ્વારા લખાયેલ ‘અનટુ ધિસ લાસ્ટ’ નું ગુજરાતી ભાષાંતર છે. આ ગ્રંથ તત્કાલીન સમાજમાં ઇંગ્લેંડમાં વ્યાપેલાં દૂષણો સામે લખાયેલો છે. તે યુરોપિયન પરિસ્થિતિમાં લખાયેલો છે છતાં પણ હિંદની પરિસ્થિતિ સાથે સુયોગ્ય રીતે બંધબેસતો હતો. તેથી ગાંધીજી પર વિશેષ પ્રભાવ પડયો હતો. આ ગ્રંથ મૂળ ચાર નિબંધો સ્વરૂપે પ્રગટ થયો હતો. જહોન રસ્કિને સમાજ અને અર્થતંત્રમાં વ્યાપેલી અસંતુલિતતાનું દર્શન આ ગ્રથમાં કરાવ્યું છે.

(૩) ગ્રંથ :- ગાંધી-વિચાર-દોહન

લેખક :- કિ.ધ.મશરૂવાળા

પ્રકાશક :- નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ઓગસ્ટ, ૨૦૧૦

આ ગ્રંથમાંથી ગાંધીજીના સમગ્ર જીવન દરમિયાનના કાર્યો તથા વિચારોને સમગ્ર રીતે વણી લેવાનો પ્રયાસ શ્રી કિશોરભાઈ મશરૂવાળા એ કર્યો છે. ધર્મ, સમાજ, સત્યાગ્રહ, સ્વરાજ, ઉધોગ, ખાદી, વાણિજ્ય, સ્વચ્છતા, આરોગ્ય, સાહિત્ય અને કળા, લોકસેવક, સંસ્થાઓ વગેરે જેવા ગાંધીજીના વિચારોનું દોહન કરી પોતાની આગવી શૈલીમાં લેખકે નિરૂપણ કર્યું છે. પ્રસ્તુત સંશોધન માટે ગાંધીજીના વિચારો સમજવા આ ગ્રંથ ખૂબ જ ઉપયોગી છે.

(૪) ગ્રંથ :- સર્વોદયનાં ૧૦૦ વરસ-એક દ્રષ્ટિપાત

લેખક :- કાન્તિ શાહ

પ્રકાશક :- યજ્ઞ પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ, જુલાઈ, ૨૦૧૧

ઈ.સ. ૧૯૦૪માં ગાંધીજીએ ‘અનટુ ધિસ લાસ્ટ’ પુસ્તક વાંચી તેમાંથી ‘સર્વોદય’ શબ્દ આપ્યો. ત્યારથી લઈ ૧૦૦ વરસ

RRIJM 2015, All Rights Reserved

જેટલો સમય વીત્યો ત્યાં સુધી સર્વોદયની વિચારધારાનો શું ઈતિહાસ રહ્યો તેનું આ ગ્રંથમાં વર્ણન છે. ગાંધીજીના અવસાન બાદ સર્વોદયનું કાર્ય વિનોબા ભાવેના હસ્તે કઈ રીતે આગળ વધ્યું, શરૂઆત કેવા પ્રકારની મુશ્કેલીઓ નડી વગેરેનું આ ગ્રંથમાંથી વર્ણન મળી રહે છે.

(૫) ગ્રંથ :- ગ્રામસ્વરાજ

લેખક :- કાન્તિ શાહ

પ્રકાશક :- યજ્ઞ પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ડિસેમ્બર, ૨૦૦૮

ગાંધીજી માનતા હતા કે વિકેન્દ્રિત ગ્રામવ્યવસ્થા એ સર્વોદય ફિલસુફીનું એક અભિન્ન અંગ હતું. જો કે પોતાના જીવનકાળ દરમિયાન ગાંધીજી આ દિશામાં ઘણું ઓછું કરી શક્યા હતા, પણ વિનોબાએ ગાંધીનો અધુરો છૂટેલો તંતુ આગળ વધાર્યો. વિનોબાના આ ભવ્ય ભગીરથ પુરુષાર્થની ઝાંખી કરવવાનો પ્રયાસ લેખકે આ ગ્રંથમાં કર્યો છે.

(૬) ગ્રંથ :- સર્વોદય આરોહણ [શતાબ્દી ટાણે એક વિહંગાવલોક્ન]

લેખક :- કાન્તિ શાહ

પ્રકાશક :- યજ્ઞ પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ફેબ્રુઆરી, ૨૦૦૫

આ ગ્રંથમાં સર્વોદયની વિચારધારાનું વિહંગાવલોક્ન કરવામાં આવ્યું છે. આ વિહંગાવલોક્ન દ્વારા સમાજને એક નવીન દ્રષ્ટિકોણ આપવાનો લેખકે પ્રયાસ કર્યો છે. સર્વોદય આરોહણને યથાગત સમજવામાં, જોવા- મૂલવવામાં અને આગળ વધારવામાં આ ગ્રંથ ઉપયોગી છે.

(૭) ગ્રંથ :- નક્સલવાદ અને સર્વોદય

લેખક :- કાન્તિ શાહ

પ્રકાશક :- યજ્ઞ પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ઓગષ્ટ, ૨૦૧૦

આજે દેશમાં નકસલવાદની બહુ મોટી સમસ્યા જોવા મળે છે. તેના મૂળ ખૂબ ઊંડા છે. પ્રસ્તુત પુસ્તકમાં સર્વોદયની નકસલવાદને દૂર કરવા શું ભૂમિકા હોઈ શકે તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આમ, પ્રસ્તુત સંશોધન માટે સર્વોદયની વિચારધારાને વ્યાપક રીતે સમાજમાં આ પુસ્તકમાં થયેલી છણાવટ ઉપયોગી નીવડશે.

(૮) ગ્રંથ :- ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રે ગુજરાત શતાબ્દી વર્ષ : ૧૯૧૫-૨૦૧૫

સંપાદક :- હિંમતભાઈ ગોડા અને અજયભાઈ દોશી

પ્રકાશક :- યંગ મેન્સ ગાંધીઅન એસોસિયેશન (YMGA) , રાજકોટ

પ્રસ્તુત ગ્રંથમાં ખાદીનો ઉદ્ભવ અને વિકાસ ગુજરાતમાં કઈ રીતે થયો તેનો પરિચય કરાવવામાં આવ્યો છે. સમગ્ર ગુજરાતમાં ખાદી ક્ષેત્રે યોગદાન આપનારી સંસ્થાઓનો પરિચય અને તેમનું શું પ્રદાન રહ્યું છે તેની માહિતી મળે છે. સર્વોદય આશ્રમ માઢીની સ્થાપનાનો ઈતિહાસ પ્રસ્તુત ગ્રંથમાંથી મળી રહે છે.

(૯) ગ્રંથ :- ગાંધીજીનું ધર્મદર્શન

લેખક :- પ્રો.મગનભાઈ જો.પટેલ

પ્રકાશક :- યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ (સંશોધિત), ૨૦૦૦

આ ગ્રંથ ગાંધીજીની વિચારધારા તેમજ તેમની વિચારધારા પર પ્રભાવ પાડનાર વિવિધ ક્ષેત્રેની વિરલ વિભૂતિઓનો પરિચય કરાવવામાં આવ્યો છે. ગાંધીજીને સર્વોદયની વિચારધારાની પ્રેરણા આપનાર જહોન રસ્કિનનું સમગ્ર જીવન અને કવન આ ગ્રંથમાં આલેખ્યું હોઈ તે ખૂબ ઉપયોગી છે.

(૧૦) ગ્રંથ :- સર્વોદય વિજ્ઞાન

સંપાદક :- ભોગીલાલ ગાંધી

પ્રકાશક :- યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, વડોદરા

પ્રસ્તુત ગ્રંથમાં સર્વોદયની વિચારધારા અંગે વિવિધ ચિંતકો અને લેખકોના વિચારો પ્રગટ થયા છે. આવા ચિંતકો અને લેખકોમાં પં.જવાહરલાલ નહેરુ, ભોગીલાલ ગાંધી, મનુભાઈ પંચોલી 'દર્શક', જયપ્રકાશ નારાયણ, નારાયણ દેસાઈ, મહાદેવભાઈ દેસાઈ વગેરેનો સમાવેશ થાય છે.

(૧૧) ગ્રંથ :- સર્વોદય દર્શન (ભાગ-૧)

સંપાદક :- ભારતન કુમારપ્પા

પ્રકાશક :- નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ

પ્રસ્તુત ગ્રંથમાં સર્વોદય સમાજમાં સિદ્ધાંતો અને કાર્યક્રમોની રૂપરેખા આપી છે. પ્રસ્તુત પુસ્તકમાં સર્વોદય અથવા સૌના કલ્યાણની ચર્ચા કરવામાં આવી છે તથા તે કેમ સિદ્ધ કરી શકાય તે બતાવવામાં આવ્યું છે.

(૧૨) ગ્રંથ :- ભારતીય-રાજચિંતક મહાત્મા ગાંધી

લેખક :- મનોજકુમાર સિંહ અને શૈલેષકુમાર ચૌધરી

પ્રકાશક :- ડિસ્કવરી હાઉસ, નવી દિલ્હી, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭

પ્રસ્તુત ગ્રંથમાં મહાત્મા ગાંધીના સર્વોદય વિષયક વિચારધારાનો ઉલ્લેખ મળી રહે છે. ગાંધીજીના વિચારોની

RRIJM 2015, All Rights Reserved

આજના સમયમાં કેટલી પ્રસ્તુતતા છે તે બાબત ગ્રંથમાં સમાવિષ્ટ છે.

(૧૩) ગ્રંથ :- ભારતીય રાજચિંતક વિનોબાભાવે

લેખક :- મનોજકુમાર સિંહ અને શૈલેષકુમાર ચૌધરી

પ્રકાશક :- ડિસ્કવરી હાઉસ, નવી દિલ્હી, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭

ઉપરોક્ત ગ્રંથમાં આચાર્ય વિનોબા ભાવેની સર્વોદયની સંકલ્પના, સર્વોદયની વિશેષતા, સર્વોદથી સમાજનું નિર્માણ, સર્વોદય અંગેના તેમના કાર્યક્રમો તથા વિનોબાજીની સર્વોદય યાત્રાઓની વિગતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૧૪) ગ્રંથ :- એક ઔર સર્વોદય

લેખક :- ડેટ્રલૈફ કોન્ટોવ્સ્કી

પ્રકાશક :- ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન, નવી દિલ્હી, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૪

આ ગ્રંથમાં સર્વોદયની સંકલ્પના, ગાંધીજીની સર્વોદયની પ્રવૃત્તિઓ, વિનોબાભાવેની ભૂદાન ચળવળ, જયપ્રકાશ નારાયણનું સર્વોદય ક્ષેત્રે પ્રદાન તથા ભારત અને શ્રીલંકામાં સર્વોદય પ્રવૃત્તિઓમાં શું તફાવત રહેલો છે વગેરેની ઉંડાણપૂર્વકની ચર્ચા કરેલ છે. આમ, પ્રસ્તુત સંશોધન માટે આ પુસ્તક ઉપયોગી છે.

(૧૫) ગ્રંથ :- દક્ષિણ ગુજરાતમાં ગાંધીવાદી સંસ્થાઓની રચનાત્મક પ્રવૃત્તિઓ (ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૭૩ સુધી)

લેખક :- ડૉ.કમલેશ પટેલ

પ્રકાશક :- ડૉ.કમલેશ પટેલ, અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, એમ.એન.કૉલેજ, વિસનગર

આ ગ્રંથમાંથી ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓ જેવી કે –કોમી એકતા, દારુબંધી, અસ્પૃશ્યતા નિવારણ, ખાદી, બીજા ગ્રામોદ્યોગો, ગ્રામસફાઈ, નઈ તાલીમ અથવા પાયાની કેળવણી, પ્રૌઢ શિક્ષણ, સ્ત્રીઓ અને પ્રાંતિક ભાષાઓ વગેરે જેવી ઉપયોગી માહિતી મળી રહે છે.

(૧૬) ગ્રંથ :- વિરલ અર્થશાસ્ત્રી : ગાંધીજી

લેખક :- ડૉ. ઉષા અરુણ ચતુર્વેદી

પ્રકાશક :- યજ્ઞ પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ(પુનર્મુદ્રિત), ઓગસ્ટ, ૨૦૧૨

આ ગ્રંથમાં ખાદી ગ્રામોદ્યોગ તથા અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે સકળાયેલ ગુજરાતની વિવિધ સરકારી તેમજ બિનસરકારી સંસ્થાઓ તેમજ ગાંધીજીની આર્થિક વિચારધારા સમજાવેલ છે. પ્રસ્તુત ગ્રંથમાં વિશેષ કરીને સર્વોદય આશ્રમ, માઢીની સ્થાપનાથી એટલે કે ઈ.સ. 1966 થી લઈને ઈ.સ. 1998-99 સુધી વિવિધ ગ્રામોદ્યોગો ક્ષેત્રે થયેલ પરિમાણાત્મક વિકાસ આપેલ છે. જે પ્રસ્તુત સંશોધન માટે ઉપયોગી સ્ત્રોત છે.

**લેખો** :-

(૧) લેખ :- આજીવન ખાદીમાં ખૂંપી જનારા લોકસેવક રામુભાઈ પટેલ

લેખક :- નૈષધકુમાર પટેલ

પ્રકાશક :- 'ભૂમિપુત્ર' ભૂદાનમૂલક ગ્રામોદ્યોગ-પ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર, વર્ષ-64, અંક-21,

તા.૧૬-૦૭-૨૦૧૭

પ્રસ્તુત સામયિકમાં છપાયેલ આ લેખ સર્વોદય આશ્રમ, માઢીના સ્થાપક શ્રી રામુભાઈ પટેલની જીવન ઝરમર પ્રસ્તુત કરે છે.

**શોધનિબંધ** :-

(૧) શોધનિબંધ :- વિજાપુર તાલુકાનો સાંસ્કૃતિક ઈતિહાસ

સંશોધક :- રાકેશકુમાર એસ. પટેલ

કક્ષા :- એમ.ફીલ. (ઈતિહાસ)

સંસ્થા :- હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ

પ્રસ્તુત શોધનિબંધ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સાંસ્કૃતિક ઇતિહાસનું વર્ણન કરે છે. વિશેષ કરીને માઢી ગામ વિજાપુર તાલુકામાં આવેલું હોઈ પ્રસ્તુત શોધનિબંધમાંથી વિજાપુર તાલુકાનો સામાન્ય ભૌગોલિક પરિચય પ્રસ્તુત સંશોધન માટે ઉપયોગી બનશે.

**તારણો** :-

- પ્રસ્તુત સાહિત્ય સમીક્ષા દ્વારા એ તારણો નિષ્પન્ન થાય છે કે સર્વોદયની સંકલ્પના વૈશ્વિક ફલક પર વિસ્તરેલી છે.
- સર્વોદયની વિચારધારા વૈશ્વિક સમુદાયને લાભદાયી નીવડી શકે તેમ છે.
- સર્વોદય આશ્રમો અને સર્વોદય વિચારધારા સમાજ સમક્ષ અમલીકૃત બનાવવા માટે આપણા દેશમાં ગાંધીજી, વિનોબા ભાવે, જયપ્રકાશ નારાયણ વગેરે જેવી વિરલ વિભૂતિઓનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે.
- ઉત્તર ગુજરાતમાં સર્વોદય આશ્રમ, માઢીની સ્થાપનાથી ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓથી વિવિધ ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓનો વ્યાપ વિસ્તૃત બન્યો છે.

RRIJM 2015, All Rights Reserved

- સર્વોદય આશ્રમ, માઢીના સ્થાપક શ્રી રામુભાઈ પટેલ, શ્રી કાન્તિભાઈ શાહ તથા શ્રી વસંતભાઈ શાહ છે. આ વિરલ વિભૂતિઓએ પોતાનું જીવન ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓમાં ખપાવ્યું છે.
- વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ થકી સ્થાપનાથી લઈ આજ દિન સુધી સર્વોદય આશ્રમ, માઢી પોતાના ધ્યેયોને સિદ્ધ કરવા સફળ રહ્યું છે. 'સર્વના ઉદય' માટે તે સતત કાર્યરત છે.

**સંદર્ભસૂચિ :**


1. કાન્તિ શાહ, ગ્રામસ્વરાજ, યજ્ઞ પ્રકાશન, વડોદરા પ્રથમ આવૃત્તિ, ડિસેમ્બર, ૨૦૦૮.
2. કાન્તિ શાહ, હિંદ સ્વરાજ-એક અધ્યન (ગાંધીને પામવાનો એક પ્રયાસ), યજ્ઞ પ્રકાશન, વડોદરા પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી, ૨૦૦૭.
3. મોહનદાસ કરમચંદ ગાંધી, 'સત્યના પ્રયોગો' ,નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, નવમી આવૃત્તિ, ઓગસ્ટ,૧૯૫૨.
4. રાકેશકુમાર એસ. પટેલ, વિજાપુર તાલુકાનો સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રીનફ્લેગ ફાઉન્ડેશન, સોનાસણ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૪.
5. કમલેશ પટેલ, દક્ષિણ ગુજરાતમાં ગાંધીવાદી સંસ્થાઓની રચનાત્મક પ્રવૃત્તિઓ (ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૭૩ સુધી), સ્વ-પ્રકાશિત,૨૦૧૮